

# ઉજાસ

દિવ્ય

RS 50



# સેવક

## એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ

**૫ વર્ષથી**
**સુરત અને**
**બારડોલીમાં**
**ફ્રિ પુસ્તક વિતરણ**
**કરતી સંસ્થા**



વિજય જે.ઘેલાણી
પ્રમુખશ્રી

**દર વર્ષે**
**૬૦૦૦ થી પણ વધારે**
**બાળકોને**
**ફ્રિ પુસ્તક વિતરણ**
**કરતી સંસ્થા**



ફ્રિ પુસ્તક વિતરણ



વિધવા બહેનોને સહાય



પુરગ્રસ્તોની સહાય



વૃધ્ધોને રોજનું ૨ ટાઇમ ભોજન



રીંકલબેન વિ.ઘેલાણી - અસ્મિતાબેન શીરોયા



બાળકોને ભોજન સહાય



તાપી શુદ્ધિકરણ અભિયાન



# Intelligence plus character - that is the goal of true education.

૧૯૯૩થી વિશેષાંકો પ્રકાશિત કરતું મેગેઝિન

# ઉજાસ દિવ્ય

RNI NO. GUJGUJ/2010/35412
Postal Reg. No. SRT - 734 / 2017 - 2019
વર્ષ - ૯, અંક - ૯, સળંગ અંક - ૧૦૦, કિંમત રૂ. ૫૦

**તંત્રી-પ્રકાશક**
ઝૈતુન લાકડાવાલા (દેસાઇ) - ૯૯૭૯૪ - ૪૦૦૭૦

**મેનેજિંગ તંત્રી**
અમીત દેસાઈ (સરકારી પૂર્તિ નિષ્ણાંત)
૯૮૨૫૧ - ૫૧૧૯૦

**વિશેષાંક સલાહકાર** - ડો. ચૈતન્ય સ્વામીજી
૯૪૨૬૮ - ૧૩૯૦૯

**વિશેષાંક પત્રકારો - ટીમ ઉજાસ**
શબ્બીર લાકડાવાલા (૯૭૧૪૦-૩૦૬૫૩)
અશોક દેસાઈ (૯૯૦૯૯-૧૧૧૪૮)
એલિઝા - કૈઝર લાકડાવાલા (૯૮૨૫૯ ૧૧૮૫૨)
અનિલ પટેલ (૯૦૯૯૬-૦૪૬૦૪)
પ્રકાશ દેસાઈ (૯૯૦૯૬-૬૨૪૧૧)
જીની દેસાઈ (૯૭૨૭૧-૮૯૮૯૨)
હર્ષા નિર્મલ સોલંકી (૯૨૨૭૯-૦૯૭૨૩)
શનીલ વ્યાસ (૯૭૨૩૯-૯૩૫૫૦)
યોગેશ જેઠવા (૯૭૨૩૯-૦૩૩૯૯)


**જાહેરાત વિભાગ**
યુનિટી પબ્લિકેશન , યુનાઈટેડ એડ્સ

**કોમ્પ્યુટર લેઆઉટ, પ્રૂફ રીડિંગ વિભાગ**
ઝૈન અજીત દેસાઇ, જીગર મિસ્ત્રી, સેજલ પટેલ

**દેશ-વિદેશ પ્રતિનિધિ**
મીના અશોક પરીખ (ગાંધીનગર)
અભિષેક ગુપ્તા (ઉ.પ્રદેશ)
સચીન દેસાઈ (દાહોદ)
રોબીન ભાલકિયા (મુંબઈ)
બિજલ દેસાઇ (વડોદરા)
મુકેશ દેસાઇ (વલસાડ - વાપી)
મનીષ દવે (ભાવનગર)
મિતુલ દેસાઈ,ગુંજન શાહ (કેનેડા)
ખુશ્બુ નિરજ નાયક (યુ.કે.)
શૈલુ દેસાઈ (યુ.એસ.એ.)
કલ્પેશ પટેલ (કેન્યા - ઇસ્ટ આફ્રિકા)
ગુલામ હુસેન કાંચવાલા (યુ.એ.ઈ.)
અજય પંજવાણી (ફોટોગ્રાફર - દક્ષિણ ગુજરાત)

**સુરત મુખ્ય કાર્યાલય**
ગ્રાઉન્ડ ફ્લોર, ધરમ પેલેસ, સ્નેહ સંકુલ વાડી પાસે, આનંદ મહલ રોડ, અડાજણ લાઈન્સ, અડાજણ, સુરત.

**Ujas Magazine ON LINE.........**
**E-mail : ujashmagazine@yahoo.com**
**E-mail : ujasmagazine@gmail.com**


**સેવક**
**એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ**

## પ્રિય વાચક મિત્રો...

'ઉજાસ' મેગેઝિનમાં સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટની પ્રવૃત્તિને ઉજાસના વાચકો સમક્ષ મૂકવાનો વિચાર 'સેવક'નું સમાજ પ્રત્યેનું પ્રમાણિક કાર્ય છે. સેવકે પોતાના કાર્યો દ્વારા સાબિત કર્યું છે. આ સંસ્થાનું ધ્યેય જરૂરિયાતમંદ સુધી પહોંચવાનું છે અને એ માટે સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ના ફાઉન્ડર વિજયભાઇ ઘેલાણીનું એક અલગ પ્રકારની વિશિષ્ટ પ્રકારની કાર્યશૈલી છે.

સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ પોતાની ટીમની શક્તિ અને તેના મુલ્યને ઓળખે છે. અને તેને સશક્ત બનાવવા માટે સમય સમય પર ખાસ સામાજીક ઇવેન્ટ યોજે છે, જેથી બધા લોકોને મોકો મળતો રહે અને ટીમને નવા નવા વિચારો મળતા રહે. અને સમજ પણ વધે છે અને તેની સાથે સાથે મેનેજમેન્ટની સ્કીલ તેનાથી પણ વધારે સરસ બનાવવા માટેના વિકલ્પો પણ મળી જાય છે.

સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ઇવેન્ટને અલગ અલગ ભાગોમાં વહેંચીને મૌસમ- તહેવાર, ઉંમર અને જરૂરીયાત પ્રમાણે પ્લાન કરવામાં આવે છે.

સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ઉનાળામાં નવા સેશનમાં જરૂરિયાતોને અભ્યાસને લગતી બધી જ વસ્તુઓ ઉપલબ્ધ કરાવે છે. તો.... ઠંડીમાં ગરમ કપડા જમા કરીને જરૂરતમંદોને આપે છે, ત્યારબાદ હોળી -દિવાળી-ક્રિસમસ જેવા તહેવારોના મોંકા પર અને ઓલ્ડ એ જ હોમ તેમજ આંધળા બાળકોના આશ્રમને માટે ખાસ તહેવારોના સમયે કાર્યક્રમ કરવા એ પણ સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્લાનનો એક હિસ્સો છે.

સેવક શિક્ષક દિવસ અને પર્યાવરણ દિવસના અવસર પર લોકોને જાગૃત કરવા માટે ઇવેંન્ટ કરે છે. સ્કીલ ડેવલોપમેન્ટ માટે આર્ટ અને ક્રાફ્ટ સિવાય પણ કામ શીખવાડવા માટે વર્કશોપ કરે છે. અલગ અલગ એનજીઓ પણ પોતાની રીતે આવા કાર્યક્રમોમાં માટે યોગદાન આપે છે. અને આવા કામોને લીધે આ સંસ્થા પણ ઘણી વાર સન્માન મેળવી ચૂકી છે. 'સેવક' સુધી પોતાની મદદ પહોચાડવા માટે તેમની વેબસાઇટ અને ફેસબુક પેજ તેમજ અન્ય સોશીયલ મીડિયાની મદદ લઇ શકાય છે.

ઝૈતુન લાકડાવાલા-દેસાઈ (તંત્રી-પ્રકાશક)

# સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટની શરૂઆત

૨૦૧૩-૨૦૧૪ માં ઉનાળાના વેકેશન દરમ્યાન બાળકો જ્યારે આગામી વર્ષના ભણતરની ગોષ્ટી કરી રહ્યા હતાં કે હું આગામી વર્ષમાં આ ધોરણમાં આવીશ, તેવા સમયમાં ભણતરની અવિરત પ્રક્રિયાને આગળ ધપાવવા કેટલાક પરિવારના બાળકો જેમની પાસે નોટબુકના પણ પૈસા નહિ હોય તેવા પરિવારમાં માતા-પિતાની આ સમસ્યાને દૂર કરવા ગરવી ગુજરાતના ડાયમંડ સીટી અને સિલ્ક સીટી ગણાતાં એવા સૂર્યપુર નગર એટલે કે સુરત શહેરની ધરતી પરથી વિજય જે. ઘેલાણી અને ૧૫ બાળકોથી આ સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટની શરૂઆત થઇ.

''સેવક'' એટલે સેવા કરનાર - સેવાનો અર્થ સમજવા માટે આપણે બીજાને મદદરૂપ થવું પડે - માત-પિતાની સેવા, ભોજનની સેવા, અનાજની સેવા, પૈસાની સેવા તેમજ આ બાળકોના અભ્યાસ અર્થે - ભણતરમાં ઉપયોગી બનતાં નોટબુક, પાઠ્યપુસ્તક, રબર, પેન્સીલ, કંપાસ, બોલપેન, કલર, ફુટપટ્ટી, સ્ટીકર, પુઠ્ઠા, નાસ્તાનો ડબ્બો, પાણીની બોટલ, સંચો, બેગ તથા રાઇટીંગ પેડ જેવી બધી જ વસ્તુની સેવા....

ખરેખર કેવી અદ્દભુત સેવા! સતત આનંદ આવ્યા જ કરે, નાના ભુલકાઓ જ્યારે સમાજ નિર્માણ માટે પોતાનો અભ્યાસ આરંભ કરતા હોય ત્યારે તેને મદદરૂપ થવા માટેનું માધ્યમ બનવું એટલે જીવનનું સૌભાગ્ય છે. 'સેવક'ના આ વૃંદને ટ્રસ્ટના સ્વરૂપમાં સાકાર કરી, આ ભગીરથ કાર્ય ને અનેક લોકો સુધી પહોચાડવા શરૂ થયેલી આ યાત્રા આજે ૬૦૦૦ થી વધુ પરિવારોને લાભ આપી રહી છે.





**છેલ્લા પાંચ વર્ષથી સુરત - બારડોલી વિસ્તારમાં કાર્યરત સેવક ની સેવાકિય પ્રવૃતિ**

# સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ



## પુસ્તક કિટ

૫ વર્ષની અંદર સેવક ટ્રસ્ટ દ્વારા અભ્યાસ કરતા ગરીબ નિરાધાર વિધવા બહેનોના બાળકોને ભણતર માટે આજ દિન સુધી ૭૭૦૦ થી પણ વધારે નોટબુક, પુસ્તક, સ્ટેશનરીની કિટ આપી ચુક્યું છે ને આ વર્ષ ૨૦૧૯માં ૧૦,૦૦૦ થી પણ વધારે બાળકોને આપી ભણતરમાં પ્રગતી કરવાનું પ્રોત્સાહન આપશે.




## બીજી ઘણી બધી સેવાકીય પ્રવૃત્તિ

ફ્રી પુસ્તક વિતરણ - ઇનામ વિતરણ
વિધવા બહેનોને સહાય
મેડીકલ કેમ્પ એન્ડ ન્યુટ્રીશન ફુડ સહાય
વૃધ્ધોને રોજનું ભોજન ૨ ટાઇમ
આદિવાસી વિસ્તારના બાળકોને ભોજન
પુરગ્રસ્તોની સહાય
તાપી શુધ્ધિકરણ સ્વચ્છતા અભિયાન

**ભણતર છે તો ઘર, પરિવાર અને દેશની પ્રગતિ છે. તમારું નાનામાં નાનું દાન પણ કોઇના ભણતરમાં પ્રગતિ કરી શકે છે. યથા શક્તિ પ્રમાણે દાન કરવું એ આપણો સેવાકિય ધર્મ છે.**

# સેવક એજ્યુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટ

## હેતું અને ઉદ્દેશ્ય




''સેવક ટ્રસ્ટ'' નો હેતું આજની મોંઘવારીમાં જે વાલીઓ બાળકોના અભ્યાસ અર્થે આર્થિક રીતે સક્ષમ નથી અને જેના કારણે બાળકોને અભ્યાસ છોડવો પડે છે. તેવા બાળકોને ફ્રી માં પુસ્તકોનું વિતરણ કરવું જેથી આ બાળકોનો અભ્યાસ નિયમિત રૂપે શરૂ રહે. - નાતજાતના ભેદભાવ વગર સુરત શહેર તેમજ ગુજરાતના વિવિધ શહેરોમાં હજારો બાળકોને આ ટ્રસ્ટના માધ્યમથી શૈક્ષણિક ચીજવસ્તુઓની સહાય કરવાનો છે.

આવનારા ૨૦૨૫ સુધીમાં આ ટ્રસ્ટના માધ્યમથી ગુજરાત ભરમાં ૨૫,૦૦૦ થી વધુ બાળકોને પુસ્તકો તેમજ નોટબુકની સહાય મળી રહે તે માટે વિવિધ આયોજનો તેમજ સંસ્થાઓ અને મહાનુભાવોની મદદથી આગળ વધારવાનો છે.

## સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યો

**ફ્રી પુસ્તક વિતરણ - ઇનામ વિતરણ**
**પુરગ્રસ્તોની સહાય (કેરળ - બનાસકાંઠા તેમજ અસરગ્રસ્ત વિસ્તારોમાં)**
**વિધવા બહેનોને સહાય**
**બ્લડ ડોનેશન કેમ્પ**
**મેડીકલ કેમ્પ એન્ડ ન્યુટ્રીશન ફુડ સહાય**
**સ્વાસ્થ્ય માર્ગદર્શન શિબિર**
**વૃધ્ધોને ભોજનની સહાય - બાળકોને ભોજન સહાય**
















# સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
## પ્રમુખશ્રી
## સંદેશ



**વિજય જે. ઘેલાણી**
**પ્રમુખશ્રી**

''એક જ અરમાન છે મને, મારું જીવન સુગંધી બને''

આ પ્રાર્થના શાળાએ જતો ત્યારે જીવનમાં દૃઢ થઇ એકવાર શિક્ષકને પૂછયું કે જીવન સુગંધી બને એટલે શું? ત્યારે તેમણે સમજાવ્યું કે 'બીજાના જીવનમાં ઉપયોગી થવું' જેમ અગરબત્તી પોતે સળગીને સુગંધ પ્રસરાવે છે, જેમ પુષ્પ પણ પોતાની સુગંધ બીજાને આપે છે તેમ ''બસ તે જ સમયથી બીજાના માટે કંઇક કરી છૂટવાની ભાવનાનો જન્મ થયો.

વિજય જીવણભાઇ ઘેલાણી - પિતાશ્રી ગામડેથી (પીપળી) સુરત શહેરમાં અન્ય પરિવારોની જેમ આવીને વસ્યા હતા, નાનો પરિવાર અને હિરા ઉદ્યોગથી ગુજરાન ચલાવવા સાથે શરૂઆત થઈ હતી. બાળપણથી અભ્યાસની સાથે અન્ય પ્રવૃત્તિમાં જોડાવાની મારી કાર્ય શૈલી હતી. ઇલેકટ્રીકના વ્યવસાય તેમજ હિરા ઉદ્યોગ સાથે મારા વ્યવહારી કામકાજની શરૂઆત થયેલી ત્યારથી જ સંઘર્ષની કથાઓનો અનુભવ મને થયો હતો. પરિવારની આર્થિક કટોકટીમાં અભ્યાસને સંતુલિત કેમ રાખવું તે શીખવા મળ્યું હતું. યુવાન વયમાં આધ્યાત્મિકતાની સાથે સંબધોની કેળવણીના પાઠ સ્વામિનારાયણ સંસ્થાની કિશોર સભામાં શીખ્યો, ત્યારબાદ હિરા ઉદ્યોગને કાયમી અંજલી અર્પણ કરી દીધી. બીજાને ઉપયોગી બનવાના સંકલ્પ ને સાકાર કરવા માટે હું શિક્ષણના ક્ષેત્રમાં પ્રવેશ્યો.

શિક્ષણ ક્ષેત્રે મને અનેક વિશ્વ આયોજનોમાં કાર્ય કરવાની પ્રેરણા મળી, કોમ્પ્યુટર ક્લાસીસથી શરૂ થયેલ આ યાત્રા, સ્પોકન ઇંગ્લીશ, અને બાળકોના પ્રિ-સ્કુલના શિક્ષણ સાથે આગળ વધી, અનેક વિશ્વ સેમિનારોના માધ્યમથી મારું કાર્ય આગળ વધતું રહયું

પરસ્પર દેવો ભવઃ ના મંત્રને લઇ એક બીજાને ઉપયોગી બનવા માટે મારી દૃષ્ટિ નાતજાતના ભેદભાવને પાર હતી. એટલે જ સમાજના પુસ્તક વિતરણના કાર્યક્રમોમાં નોટબુક લેતા એ બાળકોને જોઇ મને મારા સંઘર્ષના દિવસો યાદ આવી જતાં અને દૃઢ સંકલ્પ સાથે એ બાળકો કે જે આવી નોટબુકથી પણ વંચિત રહી જાય છે, તેમના માટે કાંઇક કરી છૂટવાની પ્રેરણા મનોમન વધતી જતી હતી.

'સેવા કરે તે સેવક' એ સિદ્ધાંતને સાકાર કરવા માટે ૨૦૧૩ થી મહા સેવા યજ્ઞની શરૂઆત કરી, નાનકડા વિચારથી શરૂ થયેલ આ યાત્રામાં 'સેવક' સ્વરૂપે કેટલાક મિત્રો, સંસ્થાઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ, અને સામાજિક આગેવાનોના સાથ અને સહકારથી એક વટવૃક્ષ બની ગયું છે. જે આજે ૬૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ને લાભ મળી રહ્યો છે.

'' સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ એટલે સમર્પણની ગાથા. - જેમ ટીપે ટીપે સરોવર ભરાય, તેમ ૫ વર્ષના અનુભવ સાથે વહેતી આ જ્ઞાનગંગા આજે કેટલાય પરિવારોના બાળકોને શિક્ષણ ક્ષેત્રે લાભ આપી વહી રહી છે તેનો મને આનંદ છે. ખરેખર, બીજાના ભલામાં આપણું ભલું બીજાના સુખમાં આપણું સુખ, - પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજની આ જીવન ભાવના મારો જીવન સંદેશ બની છે. આભાર.

*વિજય જે. ઘેલાણી (પ્રમુખશ્રી)*

# રીંકલબેન વિ. ઘેલાણી
## ખજાનચી
## સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ



સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટમાં હું ખજાનચી તરીકે ફરજ નિભાવું છું. ટ્રસ્ટ એક એવી સંસ્થા છે,જેનાં બાળકોને એજ્યુકેશન માટે કીટ આપવાની સાથે સાથે બાળકોને જીવન સારી રીતે જીવવા માટે ભણવું કેટલું જરૂરી છે એનું જ્ઞાન આપે છે. બાળકો જીવનમાં કેમ આગળ વધે એના વિશે વિચારીને ટ્રસ્ટ હંમેશા કાર્યશીલ રહે છે. વિધવા બહેનોને પણ બાળકને ભણાવવામાં તકલીફ હોય તો તેના માટે સહાય કરે છે. એવા વૃધ્ધા જેને આગળ પાછળ કોઇ નથી. એમના પાસે એટલી મૂડી પણ નથી જે મુડી આપીને વૃધ્ધાશ્રમમાં રહી શકે એવા વૃધ્ધો જે રસ્તા પર જે કાંઇ આપે તે ખાઇને પડ્યા રહે છે. જેમને ઘર હોવા છતાં કોઇ રાખવાવાળું નથી એવા વૃધ્ધોને ભોજન મળી રહે એના માટે પણ ટ્રસ્ટ હંમેશા તત્પર રહે છે. પુરગ્રસ્તો ને સહાય, તાપી શુદ્ધીકરણ, કે પછી બાળકોને ન્યુટ્રીશનનો ખોરાક મળી રહે એવા સેવાના કાર્યો આખી ટીમની સહાયથી કરે છે. ને હંમેશા તત્પર રહે છે.



# દિપ્તીબેન એસ. સાકરીયા

સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટમાં મે શરૂઆત કરી તે પહેલા મનમાં વૃધ્ધોની, ગરીબોની , નાના બાળકોની સેવા ભાવના મનમાં હતી. કોઇ ગરીબોને વૃધ્ધોને જોઇને મનમાં થતું કે આવા લોકો માટે હું કોઇ કરી શકું તો આ જીવન મળ્યું સાર્થક બને. એવામાં સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ એવું માધ્યમ બન્યું છે. જે મનમાં હતું હવે એ કરી શકું છું. સેવક તરફથી ગરીબ નિરાધાર બાળકોને પુસ્તક કીટ આપી એને ભણવા માટેનું મનોબળ આપીએ છીએ. વિધવા બહોનેને એના બાળકની ફી ની સહાય આપીએ છીએ. વૃધ્ધોને બે ટાઇમનું જમવાનું સેવક તરફથી અપાઇ છે. આવી ઘણી બધી સેવાઓથી મન હંમેશા પ્રફુલ્લિત રહે છે. જેમાં હું એક નહી અમારી આખી ટીમ, દાતાશ્રીઓ બધા ના સાથથી સેવક ટ્રસ્ટ હંમેશા આગળ પ્રગતિ કરી રહ્યું છે.

**પુસ્તક વિતરણ તેમજ ઇનામ વિતરણમાં બાળકોને ધોરણ પ્રમાણે વિતરણ કરવામાં આવે છે. શાળાઓના ખુલતા પહેલા ગત વર્ષના પરિણામોની નકલથી તેમના નંબર પ્રમાણે કેટેગરી સિલેક્ટ કરવામાં આવે છે.**

ભોજન સાથેના આ કાર્યક્રમનું આયોજન વિસ્તારના ખુલ્લા પાર્ટી પ્લોટ તેમજ હોલમાં કરવામાં આવે છે.

**સેવક ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળની ટીમ અને સેવક ટ્રસ્ટની મુખ્ય આયોજન કમિટીના સંયુક્ત આયોજનથી કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવે છે.**

સાંસ્કૃતિક કાર્યક્રમો, ગુજરાતી લોક ડાયરો, નાટક અને સંવાદ દ્વારા સામાજિક જાગૃતિના સંદેશાઓ સાથે આ કાર્યને કરવામાં આવે છે.

**કાર્યક્રમમાં મુખ્ય અતિથીશ્રીમાં શહેરના મેયરશ્રી, શિક્ષણ સમિતિના સદસ્યો, તેમજ ડાયમંડ અને રીઅલ એસ્ટેટ ક્ષેત્રના ઉદ્યોગપતિઓને પણ નિમંત્રીત કરવામાં આવે છે.**



## વિતરણના દિવસે

**અગાઉથી તેમને નામ અને સ્લીપ આપી દેવામાં આવે છે.**

કોમ્પ્યુટર નંબર પ્રમાણે ધોરણ અને વર્ગના વિભાગ અલગ અલગ હોય છે.

**અલગ- અલગ સમય પ્રમાણે વિતરણ કરવામાં આવે છે.**

વસ્તુઓને લીસ્ટ પ્રમાણે એક બેગમાં ગોઠવી દેવામાં આવે છે

**દરેક બાળકોને તેમના વાલી સાથે ફોટો પાડીને સન્માનપૂર્વક આ બેગ આપવામાં આવે છે.**

તેમને દરેક વસ્તુની ચકાસણી કરી ને લઇ જવાનો આગ્રહ પણ કરવામાં આવે છે.

**સેવક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ત્યાં રૂબરૂ હાજર રહે છે જેથી વાલીઓને રૂબરૂ મળી સમાધાન મેળવી શકાય.**

સેવક ટ્રસ્ટનો સ્ટાફ દરેક બાળકોને આવનારા વર્ષમાં ઉત્તમ પરિણામ લાવવા માટે શુભેચ્છા આપે છે.



# ફ્રી પુસ્તક વિતરણ - સુરત - બારડોલી - ૨૦૧૩-૧૪












# ફ્રી પુસ્તક વિતરણ - સુરત - બારડોલી - ૨૦૧૪-૧૫

















# ફ્રી પુસ્તક વિતરણ - સુરત - બારડોલી - ૨૦૧૬-૧૭











# ૨૦૧૭
## ના
## અતિથીશ્રીઓ



રીંકલબેન વિ. ઘેલાણી - અસ્મિતાબેન શીરોયા



દિલીપભાઇ ઝડફીયા - હસમુખભાઇ પટેલ



દિપ્તીબેન એસ. સાકરીયા - ગીતાબેન પટેલ



દિલીપભાઇ ઝડફીયા - ધનજીભાઇ ઝડફીયા



વિજયભાઇ ઘેલાણી - ચીમનભાઇ પટેલ



દિલીપભાઇ ઝડફીયા - હિતેશ જાસોળીયા



વિજયભાઇ ઘેલાણી - એસ્ટ્રોન ગૃપ ચેરમેન

# ફ્રી પુસ્તક વિતરણ - સુરત - બારડોલી - ૨૦૧૭-૧૮











# ફ્રી પુસ્તક વિતરણ - સુરત - બારડોલી - ૨૦૧૭-૧૮











# ફ્રી પુસ્તક વિતરણ - સુરત - બારડોલી - ૨૦૧૭-૧૮











# ફ્રી પુસ્તક વિતરણ - સુરત - બારડોલી - ૨૦૧૭-૧૮











# વિધવા બહેનોને સહાય

''વસુદેવ કુટુમ્બમ્'' સમગ્ર વિશ્વ આપણું કુટુંબ છે. એવા ભારતીય સનાતન હિંદુ સંસ્કૃતિના મૂલ્યોને ઉજાગર રાખવા સેવક ટ્રસ્ટ દ્વારા એક પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી અને તે છે. વિધવા - નિરાધાર બહેનોને સહાયની, જ્યારે કુટુંબના જવાબદાર વ્યક્તિ કોઇ આકસ્મિત સંજોગોમાં અચાનક દુનિયા છોડી જાય. ત્યારે મુસિબતોના પહાડ ટુડી પડતાં હોય છે. અને એક સ્ત્રી તરીકે જ્યારે જવાબદારી નિભાવવાની થાય ત્યારે કેટલાક પ્રશ્નોનો સામનો કરવો પડતો હોય છે. આજે સમાજમાં વિધવા બહેનોને મદદ મળવી જોઇએ. વિવિધ સ્વરૂપે સહાય પ્રાપ્ત કરી શકાય છે. જેમાં સેવક ટ્રસ્ટ દ્વારા જરૂરિયાત મુજબ સર્વે કરીને અનાજની કીટ, રોકડ રકમ (ચેક દ્વારા) અને બાળકોના અભ્યાસ પૂર્ણ થઇ શકે તેના માટે શૈક્ષણિક સહાય પણ આપવામાં આવે છે.

ગંગાસ્વરૂપ આ બહેનોને સેવક ટીમની બહેનો દ્વારા પ્રોત્સાહન પૂરૂ પાડવામાં આવે છે. તેમના સંપર્કમાં રહીને તેમને આવતા પ્રશ્નોમાં પગભર બની શકે, અને સ્વનિર્ભર બની પોતાનું ગુજરાન ચલાવી શકે તેના માટે કોમ્પ્યુટર ક્લાસ ભરતકલા, સીવણ ક્લાસ, કુકીંગ ક્લાસ વગેરે શીખવાડવામાં આવે છે.





# ન્યુટ્રીશન ફુડ સહાય

સમાજમાં કુપોષણ તથા અસાધ્ય રોગોથી પીડીત બાળકોને પોષણ મળી રહે તે માટે વારંવાર ન્યુટ્રીશન ફુડ સપલીમેન્ટરી આપી એમના શરીરમાં વિકાસ થાય અને ભણતરમાં મજબૂત બને એવા અમારા પ્રયાસો ચાલુ રહે છે.















# વૃધ્ધોને ભોજન

## આજ દિન સુધી ૨૦૦૦ થી પણ વધારે ટીફીન સેવક ટીમ દ્વારા આપવામાં આવ્યા

૬૦ વર્ષ ઉપરના એવા વૃધ્ધ દંપતી જેમને કોઇ સંતાન નથી અથવા સંતાન હોવા છતાં જે સંતાને એમને જાકારો આપ્યો છે એવા વૃધ્ધ વ્યક્તિને સેવકટીમ દ્વારા રોજ બે ટાઇમ શુદ્ધ ગુજરાતી ભોજન આપવામાં આવે છે. જે આજ દિન સુધી ૨૦૦૦ થી પણ વધારે ટીફીન સેવક ટીમ દ્વારા આપવામાં આવ્યા છે.

વૃધ્ધાવસ્થા એ જીવનની છેલ્લી સંધ્યા છે. આમાં સહારારૂપ સંતાનો સાથ છોડી જાય છે ત્યારે કેટલીય તકલીફો વેઠવી પડે છે. સેવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આવા વૃધ્ધોને ભોજન પહોચાડવા માટે એક ટીમ કાર્યરત થઇ છે. જરૂરિયાત મંદોને ભોજન પહોચાડવામાં આવે છે. અને આ ટીમ દ્વારા તેમને ભોજન મળી રહે તેના માટે વિવિધ પ્રયત્નો પણ શરૂ કરવામાં આવ્યા છે.






# આદિવાસી બાળકોને વિતરણ






સેવા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આદિવાસી વિસ્તારના બાળકોને પણ વિશેષ સ્ટેશનરી અને નાસ્તાનું વિતરણ પણ કરવામાં આવે છે. આવા વિસ્તારોમાં બાળકોને પોષણક્ષમ આહાર ન મળવાથી, કુપોષણ જેવી સમસ્યાઓ ઉભી થાય છે. બિમારીઓના સંકજામાં આવી, કેટલાક બાળકો ગંભીર રોગોથી પીડાતા હોય છે. ભોજન અને સમગ્રીઓના અભાવે આ બાળકો શૈક્ષણિક પ્રગતિથી વંચિત રહી જાય છે.

સેવક ટીમ દ્વારા આવા કેટલાક વિસ્તારોનો સર્વે કરી તેમને સમયાનુસાર નાસ્તો મળી રહે અને ભણવા માટે કેટલીક સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવે છે. આવી રીતે અચાનક જીવન જરૂરિયાતની મળતી વસ્તુઓ મેળવીને આ બાળકોની આંખોમાં ખુશીઓના આસું અને ચહેરા પર પ્રાપ્તીનો આનંદ જોવા મળે છે ત્યારે સેવક ટ્રસ્ટની ટીમના સદસ્યો સેવા કાર્યોનો આનંદ પામે છે..



# આદિવાસી બાળકોને  શાળામાં વિતરણ













## પ્રાથમિક શાળા
## મુ. મોવી, તા. સાગબારા, જી. નર્મદા

# ☆ ☆ સન્માનપત્ર ☆ ☆

પ્રતિ શ્રી,

વિજયભાઇ ઘેલાણી

સેવક એજ્યુકેશન ટ્રસ્ટ

સુરત.

**વિષય :- શાળાના બાળકોને મળેલ દાન બદલ આભાર અભિવાદન વ્યક્ત કરવા બાબત.**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે પ્રા. શાળા મોવી ખાતે પધારનાર ટ્રસ્ટી શ્રી સાથે રહેલ સર્વે દાતાશ્રીનો શાળા પરિવાર અને વાલીગણ આપનું ભાવભીનું સ્વાગત કરે છે. આપના દ્વારા મળેલ દાન અને મદદ આપની ઉમદા સેવાભાવનાનો પરિચય આપે છે અને એ માટે અમે હમેશા આપના આભારી છીએ. આગામી સમયમાં પણ આપની સેવાનો બાળકોને લાભ બાળકોને મળે એવી અપેક્ષા સહ ફરી એકવાર સર્વનો ખૂબ ખૂબ આભાર.

- આચાર્યશ્રી

તા. ૧૬-૦૯-૨૦૧૮

# પુરગ્રસ્તોને સહાય

**સેવક ચેરીટેબલ ટ્રસ્ટ હંમેશા પરહિત માટે કાર્યરત રહે છે. તે કુદરતી આફતો પણ કેમ ન હોય, વિનાશક પૂર ગ્રસ્તોની મદદે પણ સેવકટીમ કાર્યરત રહી છે.**



જ્યારે કેરલા અને બનાસકાંઠા જેવા વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળવા ત્યારે મદદનો હાથ લંબાવવા માટે સેવક ટીમ ઉપડી ૫૦ થી વધુ સ્વયંસેવકો રૂબરુ જઇને ત્યાં સૌપ્રથમ પ્રાથમિક જરૂરિયાત પુરી પાડવામાં આવી.

વિતરણ વ્યવસ્થામાં કીટ બનાવવામાં આવી હતી. જેમાં અનાજ, તેલ, ટૂથપેસ્ટ, માચીસ, મિણબત્તી, સુકો નાસ્તો દૂધના પાવડરના પેકેટ્સ, હળવા કપડાં, પ્લાસ્ટીકના ડબ્બા પ્રાઇમસ, જેવી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. નાના બાળકોને અભ્યાસ માટે નોટબુક પણ આપવામાં આવી હતી.



નાનામાં નાની બાબતોનો અભ્યાસ કરીને સેવકટીમ સંકલન દ્વારા સતત કાર્યરત રહી હતી. કુદરતી આફતોમાં આ વિસ્તારના લોકોને મળેલી આ મદદથી સેવકટીમને દેવદૂતમાની સ્વીકારી હતી. દરેક વ્યક્તિઓના મનમાં એક જ ઉદગાર હતો આ પ્રભુએ મોકલેલા દેવદૂત છે. ખરેખર આ સમયે આવીને તેમણે ભગવાન છે એવો વિશ્વાસ અપાવ્યો છે. ગુજરાતના સુરત શહેરની આવી સંસ્થાના અમે આભારી છીએ અને જીવનભર ઋણી રહીશું - સેવક ટીમ સાચા અર્થમાં સેવા કરે છે, આ વાતનો પુરાવો છે.



# કેરલા અને બનાસકાંઠા પુરગ્રસ્તોને સહાય


















## તાપી બચાવો અભિયાન

સુરત શહેરના પ્રાણવાયુ સમાન તાપી નદી દર વર્ષ શુદ્ધિકરણ અભિયાન હેઠળ હજારો સ્વયં સેવકો જોડાય છે. જળકુંભી વનસ્પતિએ તાપીના રિવર ક્રમ કોઝવે પાસે ભેગી થઇ જાય છે અને પાણીના પ્રવાહને રોકી દે છે. - સુરત મહાનગર પાલિકા કરોડોના ખર્ચે કરી. દર વર્ષ આ શુદ્ધિકરણ કાર્યા કરે છે. પરંતુ વિશાળ માનવ કલાકોના પુરૂષાર્થ વગર તે શક્ય નથી. વિવિધ સંસ્થાઓના સહયોગની જેમ સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટની. ૧૦૦ થી વધુ ભાઇઓ બહેનોની ટીમ કાર્યરત થઇ છે. આખા દિવસની સેવાનું યોગદાન આપી આ સેવામાં જોડાય છે. અને આ જળકુંભી સફાઇ અભિયાનમાં પોતાની અમૂલ્ય સેવા આપે છે....





# લોક ડાયરાના મુખ્ય અતિથીશ્રી











# ૨૦૧૮
## ના
## અતિથીશ્રીઓ















# લોક ડાયરાના અતિથીશ્રીઓનું સન્માન












# ધોરણ ૧૦ નું ફ્રી પુસ્તક વિતરણ - ૨૦૧૯

**૩૦૦ બાળકોને ધોરણ ૧૦માં પુસ્તકની કિટનું વિતરણ ૨૧-૪-૨૦૧૯ માં કરવામાં આવ્યું ને આ બાળકોને ધોરણ-૧૦માં સારી ટકાવારી લાવવાનું પ્રોત્સાહન પણ આપવામાં આવ્યું.**











## સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ના કાર્યકરો કહે છે કે....



### અમિતભાઇ ડોબરીયા

સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સાથે હું ૨ વર્ષથી જોડાયેલ છું અને છેલ્લા ૧ વર્ષથી ટ્રસ્ટમાં સેવા આપું છું. ટ્રસ્ટમાં આવીને સમજાયુ કે સેવા નો ખરો અર્થ શું છે? હું ખૂબ ખૂબ આભારી છું ટ્રસ્ટના પ્રમુખ શ્રી વિજયભાઇ ઘેલાણીનો જે મધ્યમ વર્ગના બાળકો ને પુસ્તક કીટ આપીને ભણવા માટે એક માર્ગદર્શન આપે છે. સાથે સાથે આભારી છું ટ્રસ્ટના મંત્રીશ્રી દિપ્તીબેન સાકરીયાનો કે જે વિધવા બહેનોના મનની વ્યથા સમજી એના બાળકોને ભણવા માટે સહાય આપીને સેવા આપે છે. હું સેવકમાં સેવા આપી મારા જીવનને ધન્ય ગણું છું ખૂબ ખૂબ આભાર.



### પરેશ પટેલ

હું પરેશ પટેલ ૧ વર્ષથી આ સંસ્થામાં કાર્યકર તરીકે સેવાની ફરજ બજાવું છું. સેવક ટ્રસ્ટના માધ્યમથી ઘણા બધા પરિવારમાં ખુશહાલી છે, કારણ કે ટ્રસ્ટ તરફથી નાના બાળકોને ભણતરની કીટ, વિધવા બહેનોને સહાય, વૃધ્ધોને સહાય આવી ઘણી બધી સેવાની ફરજ પુરી પાડે છે. હું અમારા પ્રમુખ શ્રી વિજયભાઇ ઘેલાણીનો આભારી છું જેમને મને આ સંસ્થામાં સેવા કરી થોડું પુણ્ય કમાવાનો લાભ આપ્યો. સેવક ટ્રસ્ટના બધા કાર્યકરોને મારા ખૂબ ખૂબ અભિનંદન.



### વનિતાબેન એન. કાકડીયા

'સેવા પરમો ધર્મ' સેવા એ આપણો ધર્મ છે. જે આજના આધુનિકમાં ક્યાંક ગુમ થઇ ગયો છે. એવામાં ઉજાસ રૂપી સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટે ખરા અર્થમાં સેવા થતી સેવા જેમ કે બાળકોને પુસ્તક કીટ, વિધવા બહેનોને સહાય, તાપી શુદ્ધિકરણ જેવી સેવા, પુરગ્રસ્તોને સહાય, બાળકોને ન્યુટ્રીસનનો ખોરાક જેવા ઘણા સેવાના કાર્યો કરી ટ્રસ્ટ પોતાના નામનો ખરો અર્થ બતાવે છે. હું સેવક ટ્રસ્ટમાં સેવા આપી પોતાને ખુશનસીબ સમજુ છું ને ટ્રસ્ટની આભારી છું જેમને મને આ લાભ આપ્યો. ખૂબ ખૂબ ધન્યવાદ



### શેખડિયા ભૂમિ

હું છેલ્લા બે મહિનાથી સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટમાં કાર્યકર્તા તરીકે સેવા કરી રહી છું આ સંસ્થામાં ઘણા સેવાના કાર્ય થાય છે. જેમાં બાળકને પુસ્તકની કીટ વિતરણ, વિધવા બહેનોને બાળકને ફિ ની સહાય તેમજ પુરગ્રસ્તો સહાય જેવા જેમાં ઘણા બધા સેવાના કાર્ય થાય છે. સંસ્થા છ વર્ષોથી ચાલે છે. પણ હું છેલ્લા બે મહિનાથી સેવા આપું છું છતાંય મે સેવાનું સંસ્થાના સેવાના કાર્યોને સારો એવો અનુભવ કર્યો છે. સંસ્થાના શ્રી પ્રમુખ વિજયભાઇ ઘેલાણી અને મંત્રીશ્રી દિપ્તીબેન ને ખૂબ જ અભિનંદન



### ભરતભાઇ ડોબરિયા

હું સેવકમાં સેવા કરૂ છું . મારું નામ ભરભાઇ ડોબરીયા છે. હું સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી વિજયભાઇ ઘેલાણી ને મારા જય સ્વામિનારાયણ. જે સેવકમાં સારી એવી સેવાના કાર્ય કરે છે. ગરીબ વ્યક્તિના બાળકોને ભણતર માટે પુસ્તક આપે છે. વિધવા બહેનોને સહાય આપે છે. વૃધ્ધ માતા પિતાને રોજ ભોજન આપે છે. અને આ સંસ્થામાં હું વૃધ્ધ ને ભોજન પહોંચાડવાની સેવા બજાવું છું. મને ખૂબ જ આનંદ છે કે આ સંસ્થામાં હું સેવાના કાર્યમાં ભાગ આપું છું. ખરેખર હું સેવક ટ્રસ્ટનો ખૂબ ખૂબ આભારી છું જેને મને સેવાનો લાભ આપ્યો.



### મેહુલ પાંડવ

જય સ્વામિનારાયણ , કર્મમાં તારો અધિકાર છે. ફળની બાબતમાં નહિ નિરંતર કર્મ કરતો જા, ફળ તારી પાછળ આપોઆપ દોડતું આવશે. બસ આવી જ એક ભાવના, આવાજ એક ''સેવા પરમો ધર્મ''ની વૃત્તિ તન-મન-ધનમાં રાખી ૨૦૧૩ થી આ ટ્રસ્ટે એક ભગીરથ કાર્યની શરૂઆત કરી હતી. આ ટ્રસ્ટે મેહુલ પાંડવની એક ઓળખાણ અપાવી. શરૂઆત ફક્ત એક નાના વિચારથી કરેલી કે ચાલો. કંઇક નવું જાણશું, કંઇક શીખશું. પણ આજે પાંચ વર્ષના અંતે જ્યારે એનાલિસીસ કરવા બેસીએ ત્યારે ખબર પડી કે માં અને એક પિતા કોને કહેવાય.ટ્રસ્ટમાં આવ્યા બાદ જેમ કોઇ પથ્થરમાંથી રત્નકલાકાર હીરો બનાવે છે, તેમ આ સંસ્થા અને આ સંસ્થાના પ્રમુખશ્રી વિજયભાઇ જીવણભાઇ ઘેલાણી એ આ મેહુલ પાંડવને એક પથ્થરમાંથી ઘસી-ઘસીને એક હિરાનું સ્વરૂપ આપ્યું. ભગવાન શ્રીકૃષ્ણનાં બે માતાઓ હતી. આખા સંસારને ખબર છે કે દેવકી માતાએ તેમને જન્મ આપ્યો હતો. પણ તોય કાનાની માતા તો જશોદા માતા જ કહેવાયા, બસ તેમજ કંઇક મારુ છે. શ્રીમતી દીપ્તીબેન શૈલેશભાઇ સાકરીયા સગી માં કરતા પણ વધારે દયા, પ્રેમ, લાગણી અને સંસ્કારોથી આ નાનકડા છોડનું સિંચન કર્યુ. આ ટ્રસ્ટમાં આવ્યા બાદ એક સાચા સંબંધ જોવા મળ્યો ''બીજાના ભલામાં આપણું ભલું'', ''જનસેવા એજ પ્રભુ સેવા'' આ વાક્યો ફક્ત સુવિચાર નાના ધોરણમાં ફક્ત બ્લેકબોર્ડ પર વાચેલા પણ આ ટ્રસ્ટે આ વાક્યોથી રૂબરૂ કરાવ્યું. આજના આ ટેકનોલોજીકલ અને ઝડપી યુગમાં ભણતરના નામે ઘણા મધ્યમ વર્ગનાં લોકોને હેરાનગતી થતી હોય છે, તેઓ માટે આશીર્વાદ રૂપ બની. આ સંસ્થા બાળકોને મફત એજ્યુકેશનની કીટ, વિધવા બહેનોને સહાય, વૃધ્ધ લોકો માટે ફ્રીમાં ભોજન વ્યવસ્થા આવા કેટલાક સેવાના કાર્યો દ્વારા એક કોઇપણ નાત-જાતનાં ભેદભાવ વગર આ સેવાઓ પૂરી પાડી રહ્યું છે. આ સંસ્થા મારા મતે....

''પુષ્પ તણી મૃદુતા, ખડગ તણી ધાર'' ભણતરની સુવાસે, એક માત્ર આધાર છે.

## સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ના કાર્યકરો કહે છે કે....



### દિક્ષિતા ઘોણીયા

સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ૬ વર્ષથી સેવાકીય પ્રવૃત્તિ કરે છે. બાળકો, વૃધ્ધો, વિધવા બહેનોને સેવા આપે છે. બાળકોને ભણતરની કિટ જુનિયરથી લઇને બાર ધોરણ સુધી ભણતરની કિટ નોટબુક, પાઠ્યપુસ્તક, સ્ટેશનરી સેવા બાળકોને આપી રહી છે. નિરાધાર, વૃધ્ધ માણસોને જમવા માટેની ટિફિન સેવા આપી રહી છે. વિધવા બહેનોના બાળકોને ભણતરની કિટ ફ્રિમાં આપવામાં આવે અને અનાજની કિટની સેવા આપી રહી છે. આદિવાસી વિસ્તારના બાળકોને ન્યુટ્રીસનનો ખોરાક અને ભોજનની સેવા કરતી આવી છે. આવી સેવાકીય પ્રવૃત્તિ બજાવી રહેલી સંસ્થામાં હું કાર્યકર તરીકે સેવા બજાવી રહી છું. અને આવી સેવાકીય પ્રવૃત્તિ બજાવનાર શ્રી વિજયભાઇ ઘેલાણી, મંત્રી શ્રી દિપ્તીબેન સાંકરીયા ને ખૂબ ખબ અભિનંદન કે અમને આવી સેવાકીય સંસ્થામાં સેવા કરવાનો લાભ મળ્યો.



### સોંડાગર પ્રશાંત એ.

હું પોતે પ્રશાંત અમૃતભાઇ સોંડાગર છેલ્લા ૧ વર્ષથી સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટમાં મારો ફ્રી સમય ફાળવીને સેવાનું કામ કરું છું. જે સંસ્થા છેલ્લા ૬ વર્ષથી ગરીબ, નિરાધાર અને સ્ટેશનરીની સહાય ની:શુલ્ક આપે છે. અને દરેક પરિવારના બાળકો શિક્ષણ પુરુ પાડી શકે તેવા કાર્યો કરી મદદરૂપ થાય છે. અને અન્ય સહાય જેમ કે નિરાધાર વૃધ્ધ લોકોને દરરોજ માટે નિ:શુલ્ક જમવાનું પુરુ પાડે છે. સંસ્થાના પ્રમુખશ્રી વિજયભાઇ ઘેલાણી અને મંત્રીશ્રી દિપ્તીબેન સાકરીયા પોતાના સેવક પરિવારમાં મને સેવાનું કામ આપ્યું તે બદલ હું એમનો ખુબ ખુબ આભાર માનું છું.



### કુંજલ લાલૈયા

સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ એ એક સારી સેવાકીય પ્રવૃત્તિ કરી રહ્યું  છે. જેના લીધે મધ્યમ વર્ગના લોકો પોતાના બાળકોને સારું ભણતર પૂરૂ પાડી શકે છે. આ સિવાય ટ્રસ્ટની બીજી પણ સેવાકીય પ્રવૃત્તિઓ છે જેમ કે, વિધવા બહેનોને સહાય આપવી અને વૃધ્ધ લોકો ને બે ટાઇમનું ભોજન પણ પૂરૂ પાડવામાં આવે છે કે જે પોતાની જાતે ભોજનની વ્યવસ્થા કરી શકતા નથી. તેમજ આદિવાસી લોકોને ન્યુટ્રીસનયુક્ત ખોરાકની સહાય પણ કરી હતી અને આ ટ્રસ્ટમાં હું મારો સમય ફાળવીને સેવા આપું છું એ બદલ હું ગર્વ અનુભવું છું.



### વૈરાગ ચકલાસીયા

હું વૈરાગ ચકલાસીયા છેલ્લા ૧ વર્ષ થી સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટમાં સેવા આપું છું. આજની મોંઘવારીના સમયમાં વાલીઓને બાળકોને ભણાવવામાં ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ વાતને ધ્યાનમાં રાખીને સેવક ટ્રસ્ટ દર વર્ષે બાળકોને ફ્રી પાઠ્યપુસ્તક, નોટબુક અને સ્ટેશનરી કીટનું વિતરણ કરે છે. સાથે સાથે સમાજમાં કુપોષણ તથા અસાધ્ય રોગોથી બાળકોને પોષણ મળી શકે તે માટે ન્યુટ્રીશન ખોરાક આપે છે. બીજી ઘણી બધી સેવા જેમ કે પુરગ્રસ્તોને સહાય, આદિવાસી વિસ્તારના લોકોને કપડા, ભોજનની સહાય, તથા તાપી શુદ્ધીકરણ જેવી સેવા આપવા હંમેશા તત્પર રહું છું. હું ગર્વ અનુભવું છું તથા સેવક ટ્રસ્ટનો ખુબ ખુબ આભારી છું જેને મને સેવક ટ્રસ્ટમાં સેવાનો લાભ આપ્યો. સાથે પ્રમુખશ્રી વિજયભાઇ ઘેલાણીનો પણ ખૂબ આભાર માનું છું.



### જયેશ વ્યાસ

સેવાકીય પ્રવૃત્તિમાં મને શરૂઆતથી જ રસ હતો અને જેથી હું સંસ્થામાં જોડાયા પૂર્વ વિવિધ ગામડાની શાળાઓમાં મફત શિક્ષણ પુરુ પાડવાનો નાનો અમથો પ્રયત્ન કરતો અને નવું શિખવાડવા અને શિખવામાં આનંદ મેળવતો.

ઓગસ્ટ ૨૦૧૪માં આ સંસ્થામાં જોડાતા પૂર્વ દરેક યુવાનોની જેમ મને પણ ઇચ્છા હતી કે હું સેવા જ કર્યા કરું પરંતુ સામાન્ય ઘરસંસ્સારના પ્રશ્નોમાં એ શક્ય થઇ શકે તેમ ન હતું. પરંતુ આ સંસ્થામાં જોડાયા બાદ સેવા કરવી. અને પોતાનો રોજગાર પણ પૂરો કઇ રીતે પાડવો તેમને શ્રી વિજયભાઇ ઘેલાણી એ શિખવ્યું છે. અને સેવાને લઇને મારા પ્રશ્નોનનું નિવારણ કર્યું. અને શિખવ્યું કે સેવા કરો તો સંસારની ચિંતા કરવાની જરૂર નથી.

સેવક ટ્રસ્ટના સ્ટાફ અને કાર્યાલયનું વાતાવરણ તો જાણે ઘર-આંગણે નોકરી કરતાં હોઇએ તેવું ના કોઇ બાધાઓ કે ના કોઇ રોક ટોક બસ સેવા કરતા શીખો સંસ્કાર અને શિસ્ત આપો આપ આવી જશે. એ અમારા મંત્રી શ્રીમતી દિપ્તીબેન સાકરીયા એ શિખવ્યું છે.

ટુંકમાં કહું કે સેવા અને સંસ્કાર આ બંને મને ટ્રસ્ટમાંથી શિખવા મળું છે. અને મને આ પરિવારનો એક ભાગ બનાવવા બદલ હું અમારા પ્રુખશ્રીનો આભાર વ્યક્ત કરું છું.






## સમાજમાં કઇંક કરી છુટવાની પ્રેરણા એનું નામ

# સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

**આ સંસ્થાના ચેરમેન શ્રી વિજયભાઇ જે. ઘેલાણી સાથે સમગ્ર સમાજ માટે વિવિધ કાર્યો કરતી તેમની સંસ્થાના ઉદ્દેશ્ય અને હેતું જાણવા માટે ઉજાસ મેગેઝિનની ટીમે આ સમાજ સેવકની વિશેષ મુલાકાત લીધી. અને તેમની સાથેની વાતચીતમાં જે જાણવા મળ્યું તે આ મુજબ છે.**

દૂર ગામડાઓમાં રહેતા વિજયભાઇના પિતાશ્રી જીવણભાઇએ પરિવાર અને તેનું ગુજરાન ચલાવવા માટે સુરતને પોતાની કર્મભૂમિ બનાવી ત્યારે વિજયભાઇ ઘણા નાના હતા અને અભ્યાસ કરતા હતા. અભ્યાસમાં પણ વિવિધ પ્રકારની શાળાકીય પ્રવૃત્તિમાં વિજયભાઇ સતત જોડાયેલા રહેતા હતા. જે પ્રવૃત્તિમાં ખાસ કરીને કોમ્પ્યુટર, સ્પોકન ઇંગ્લિશ, વૈજ્ઞાનિક પ્રયોગો અને રમતગમત હતા. સાથે સાથે સ્વામિનારાયણ સંસ્થાની સ્કૂલમાં જતા હોવાથી જેમ જેમ યુવા થતા ગયા તેમ તેમ આધ્યાત્મિકતા અને સંબંધોની કેળવણીના અભ્યાસને પણ વિજયભાઇએ ઘણું મોટું મહત્વ આપ્યું.

પોતાના ધંધુકા તાલુકાની અંદર દર વર્ષે સમાજના પુસ્તક કે નોટબુક વિતરણના કાર્યક્રમો યોજાતા અને આ કાર્યક્રમમાં પુસ્તકો તેમજ નોટબુકો કે અન્ય શાળાકીય વિવિધ સામગ્રીઓ લેતા. નાના બાળકોને જોઇને વિજયભાઇએ ખૂબ જ નાની ઉંમરમાં ઘણામોટા નિર્ણયો લઇ લીધા હતા. અને સમાજ માટે કંઇક કરી છૂટવાની પ્રેરણા તેમનામાં મનોમન વધતી જતી હતી.

યુવાન થયા એટલે પિતાશ્રી દ્વારા હીરા ઉદ્યોગમાં પ્રવેશ કર્યો. થોડો સમય કામ કર્યા બાદ મન ન લાગતાં એક દિવસ પિતાશ્રીને તેમની મનની ઇચ્છા જણાવી કે તેઓ સમાજમાં રહેતા વિદ્યાર્થીઓ માટે કઇંક વિશેષ કામ કરવા માગે છે. પિતાશ્રીએ પણ દિકરાની ઇચ્છાને માન આપીને આગળ વધવા માટે આશીર્વાદ આપ્યા. વર્ષ ૨૦૧૦માં એક સેવક રૂપે વિજયભાઇએ કેટલાક મિત્રો, સંસ્થાઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ અને સામાજીક આગેવાનોના સાથ સહકારથી તેમની આ અદ્દભૂત યાત્રાની શરૂઆત કરી અને જોતજોતામાં તેમની આ યાત્રામાં હજારો વિદ્યાર્થીઓને પુસ્તકો તેમજ નોટબુકો અને અન્ય સાધન સામગ્રીનું વિતરણ પણ થયું. ''બીજાના ભલામાં આપણું ભલું બીજાના સુખમાં આપણું સુખ'' પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજની આ જીવન ભાવનાને વિજયભાઇએ પોતાના જીવનનો સંદેશો બનાવ્યો.

માત્ર ૧૫ બાળકોને આપનારા પુસ્તકોની સહાયથી શરૂઆત કરનાર વિજયભાઇએ વર્ષ ૨૦૧૩માં ''સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ''ની શરૂઆત કરી. જેમાં તેમનો સંદેશો હતો કે સેવક એટલે સેવા કરનાર. વિજયભાઇ માને છે કે સેવાનો અર્થ સમજવા માટે આપણે જરૂરિયાતમંદ લોકોની સેવા કરવી જોઇએ. જેમ કે વૃધ્ધ માતા-પિતાની સેવા, અપંગ અને વૃધ્ધોને ભોજન, અનાજની સેવા, ગરીબ બાળકોના અભ્યાસ માટે નોટબુક, પાઠ્યપુસ્તક, સ્ટેશનરી વગેરે વસ્તુઓની સેવા.

વિવિધ સેવાઓ આપતા હતા વિજયભાઇ સાથે ઘણા યુવા સાથિઓ સેવકના બેનર હેઠળ જોડાયા અને આ યુવા સાથિઓનો સાથ મળતા આજદિન સુધીમાં ૬૦૦૦ જેટલા પરિવારોને સેવક એજ્યુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઘણીબધી મદદો મળી છે. આ સંસ્થા મદદો આપવામાં કદી પણ નાત-જાતના ભેદભાવ જોતી નથી એટલે સુધી કે સુરત શહેરની બહાર પણ ગુજરાતના વિવિધ શહેરોમાં હજારો બાળકોને સતત અવિરત શૈક્ષણિક ચીજવસ્તુઓની સહાય પહોંચતી રહે છે.

દર વર્ષે થતા પુસ્તક વિતરણની સાથે સાથે શાળામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને ટ્રોફી કે અન્ય ઇનામથી પણ સન્માન કરવામાં આવે છે. આ ઉપરાંત આવા વિતરણ પ્રસંગે સેવક ટ્રસ્ટના ટ્રસ્ટીમંડળની ટીમ ગુજરાતી લોક ડાયરો કે સામાજીક જાગૃતિના સંદેશાઓ આપતા સાસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ સતત કરતા રહે છે અને વળી આવા કાર્યક્રમોમાં સામાજીક આગેવાનો, નેતાઓ કે અભિનેતાઓ, મેયરશ્રી કે ઉદ્યોગપતિઓ, ડાયમંડ જગતના મહારથીઓ વગેરે વગેરે આવા કાર્યક્રમોમાં હાજર રહીને તેની શોભા વધારે છે.

વિજયભાઇ અને તેમની ટીમ સમાજના વિવિધ જરૂરિયાતમંદ લોકો જેવા કે વિધવાબહેનો ને પણ તેઓ પગભર બનીને પોતાનું ગુજરાન ચલાવી શકે તેના માટે પ્રોત્સાહન પુરુ પાડી કોમ્પ્યુટર ક્લાસ, ભરત કલા, સિવણ ક્લાસ, કુકીંગ ક્લાસ વગેરે શીખવાડવા માટે યથાશક્તિ મદદ કરે છે. આ ઉપરાંત ઘણીવાર આવી બહેનોને ઘર ચલાવવા માટે પણ અનાજની કીટ કે રોકડ રકમ (ચેક દ્વારા) સહાય આપવામાં આવે છે. સાથે સાથે આવી બહેનોના બાળકોના અભ્યાસ માટે પણ આ સંસ્થા સતત મદદ કરે છે.

વર્ષ ૨૦૧૮ વિવિધ પ્રકારની કુદરતી આપત્તિઓ માટે હંમેશા યાદ રહેશે જેમાં ભારતના વિવિધ પ્રાન્તોમાં આવેલ વિનાશક પુરમાં થયેલ અકલ્પનીય નુકશાનની નોંધ સમગ્ર વિશ્વએ પણ લીધી છે. ખાસ કરીને ગુજરાતના બનાસકાંઠા અને ભારતના દક્ષિણ પ્રાન્તમાં આવેલ કેરળ રાજ્યમાં વિનાશક પુર જેવી કુદરતી આફતોએ લાખો પરિવારોનું બધું જ છીનવી લીધું અને હજારોની જાનહાની થઇ તે ન ભૂલી શકાય એવી ઘટના છે.

આ કુદરતી આફતમાં થયેલા નુકસાન અને પુરગ્રસ્તોની મદદ માટે સમગ્ર ભારતમાંથી હજારો સંસ્થાઓ બનાસકાંઠા અને કેરળમાં પહોંચી હતી.

સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ૧૫ જેટલા યુવાનો હજારો વિતરણ કીટ બનાવીને પુરગ્રસ્તોની મદદ કરી હતી. આ કીટમાં અનાજ, તેલ, ટૂથપેસ્ટ, માચીસ, મિણબત્તી, સૂકોનાસ્તો, દૂધના પાઉડરના પેકેટ, નાના-મોટા કપડાં, પ્લાસ્ટિક ડબ્બા જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે. વિજયભાઇ અહી આ વિવિધ મદદો માટે સમગ્ર દક્ષિણ ગુજરાતના સેવાભાવી વ્યક્તિઓનો આભાર વ્યક્ત કરે છે.

સુરતની જીવાદોરી સમાન તાપી નદી જ્યારે બંને કાંઠે વહેતી હોય છે ત્યારે દરેક સુરતીઓ તેને જોઇને ખૂબ આનંદ પામે છે. પરંતુ જ્યારે આ તાપીમાં સમગ્ર સુરતમાંથી આવતી ગંદકી તેને પ્રદુષિત કરે છે ત્યારે વિજયભાઇ અને તેમની ટીમને ખૂબ દુઃખ થાય છે. એટલે જ દર વર્ષે સેવકની સમગ્ર ટીમ તાપી નદીમાં આવેલ વિવિધ પ્રકારની જળકુંભીને ભેગી કરીને ટ્રક કે ટ્રેક્ટરમાં ભરીને શહેરથી દૂર લઇ જાય છે. જે કાર્ય સુરત મહાનગરપાલિકા કરોડો રૂપિયાના ખર્ચે કરે છે તે કાર્ય સેવકની સમગ્ર ટીમ એટલે કે ૧૦૦ થી વધુ સેવકો સવારથી સાંજ સુધી આ જળકુંભી સફાયમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપે છે.

આ ઉપરાંત આ સંસ્થા દ્વારા વારે તહેવારે આદિવાસી વિસ્તારના બાળકોને પણ વિવિધ પ્રકારની સ્ટેશનરી અને નાસ્તાનું વિતરણ કરવામાં આવે છે.

વિજયભાઇ ઘેલાણી આદિવાસી બાળકોને કુપોષણ જેવી સમસ્યાથી બચાવવા માટે તન-તોડ મહેનત કરે છે. અને આદિવાસી બાળકો જયારે વિજયભાઇ કે તેમની ટીમ દ્વારા આપવામાં આવતી વિવિધ મદદો મેળવીને જે ખુશી વ્યક્ત કરે છે તે જોઇ વિજયભાઇની આંખોમાં ઘણીવાર ખુશીના આંસુઓ આવી જાય છે. આટલેથી જ ન અટકતા સેવકની ટીમ ગરીબો અને ખૂબ જ વૃધ્ધ થયેવા વ્યક્તિઓને પણ બે ટાઇમ શુદ્ધ ગુજરાતી ભોજન પુરુ પાડે છે. અત્યાર સુધીમાં ૨૦૦૦ જેટલા ટીફીનો સેવકની ટીમ દ્વારા આપવામાં આવ્યા છે.

''એક જ અરમાન છે મને કે મારું જીવન સેવામય અને સુગંધીમય બને'' આવું કહેતા વિજયભાઇ ઉજાસ મેગેઝિન સાથેની વાતચીતને વિરામ આપે છે.

ઉજાસ મેગેઝિને તેના વર્ષોના અનુભવોના આધારે એટલું નોંધ્યુ છે કે જે વ્યક્તિ કે સંસ્થાને નિઃસ્વાર્થ કામ કરવું હોય તેને કોઇ અટકાવી શકે નહી. પ્રેસ મિડિયાનું એ કામ છે કે આવી વ્યક્તિ કે સંસ્થાના કામને બિરદાવીને, પ્રકાશિત કરીને સમાજ માટે એક ઉદાહરણ પુરૂં પાડવું જોઇએ.

**- સંકલન - અમિત દેસાઇ**



## રવિભાઇ (નચિકેતા ક્લાસીસ)

જય ભારત સાથે જણાવવાનું કે સુરત શહેરમાં છેલ્લા છ વર્ષથી સતત કાર્યશીલ સંસ્થા એટલે કે સેવક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ગરીબ બાળકોને (વિદ્યાર્થી) ૧૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીને પાઠ્યપુસ્તક, નોટબુકનું વિતરણ કરવામાં આવે છે. સેવક એજ્યુકેશન ટ્રસ્ટનાં સંચાલક વિજયભાઇ ઘેલાણી અને તેમના સાથી એવા શ્રીમતી દિપ્તીબેન સાકરીયાનો માર્ગદર્શન હેઠળ સુંદર મજાનુ આયોજન કરવામાં આવે છે. અને દરેક વાલીઓ સાથે પરિવારની જેમ સહાનુભૂતિ રાખે છે. અને સેવક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આ વર્ષે નવું નજરાણું એટલે કે 'બચ્ચા સ્કુલ' અને સેવક ટ્યુશન ક્લાસીસ શરૂ કર્યું છે તે પણ એક સેવાના હેતુથી આ સંસ્થા દ્વારા વિધવાઓને સહાય પણ આપવામાં આવે છે. અને ગરીબ લોકોને એક સમયનું ભોજન પણ આપવામાં આવે છે. તેથી હું રવિભાઇ (નચિકેતા ક્લાસીસ) તરફથી હું પ્રાર્થના કરૂ છું કે આ સંસ્થા સતત આગળ વધે તેવી પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજના આશીર્વાદ મળે તેવી ભગવાન પાસે પ્રાર્થના.

## શૈલેષભાઇ સાકરીયા

સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટમાં હું આજથી ૪ વર્ષ પહેલા જોડાયો છું. સેવક સાથે જોડાઇને ખબર પડી કે સાચી સેવા ભાવના એટલે શું? સેવાનો સાચો અર્થ સમજ્યો. કારણ કે આ મોંઘવારી ના સમય જે માતા પિતા બાળકના ભણતરની ચિંતા લઇને ફરે છે. એને તો આ એક આશા કિરણ સમાન છે. એમના બાળકો પુસ્તકકીટ વિધવા બહેનોના બાળકોને ફિ ની સહાય, વૃધ્ધોને ભોજન. ખરેખર સરાહનીય છે. પુરગ્રસ્તોને પણ પુરતી સહાય, આદિવાસી વિસ્તારના બાળકોને ન્યુટ્રીશનનો ખોરાક આપી ઘણી બધી સેવાઓ આ ટ્રસ્ટ કરતું આવ્યું છે. મને ઘણી ખુશી છે આનંદ છે કે હું આવા સેવાકીય ટ્રસ્ટ સાથે જોડાયેલો છું. ટ્રસ્ટના પ્રમુખશ્રી વિજયભાઇ ઘેલાણીને મારા ખૂબ ખૂબ અભિનંદન

## દિપકભાઇ લાલાભાઇ દામાણી

છેલ્લા ૩ વર્ષથી આ સંસ્થાના કાર્યોને હું નિહાળું છું અન સેવાનો લાભ મેળવું છું. 'સેવા પરમો ધર્મ'' ના સૂત્રને આ સંસ્થાએ ખરેખર રીતે સાકાર કરી બતાવ્યું છે. અને બાળકોના અભ્યાસથી લઇને વૃધ્ધો ભોજન પુરુ પાડવાના આ કાર્યને મારા ધ્યાનમાં આવતા જરૂરિયાત મંદોને આ સેવાનો લાભ મળી રહે તે માટે પ્રયત્નશીલ છું એ ધન્યવાદ આપુ છું આ સંસ્થાના સેવકમિત્રોને.

## હિતેશભાઇ ડાયાભાઇ ગોહિલ

''બહુજન હિતાય બહુજન સુખાય'' હું આ સંસ્થા સાથે છેલ્લા ચાર વર્ષથી જોડાયેલો છું આ સંસ્થા ગરીબ જરૂરિયાતમંદ બાળકોને પુસ્તક, સ્ટેશનરી, સ્કુલ બેગ વગેરે આપે છે. તેમજ વિધવા બહેનોને અનાજ જેવી કિટ તથા તેમના બાળકોને પુસ્તક, સ્ટેશનરી, સ્કુલબેગ વગેરેની સહાય કરે છે. જે તેમના માટે એક આશાનું કિરણ બની રહે છે. જીંદગીનો છેલ્લોપડાવ પસાર કરતા અશક્ત વૃધ્ધોને આપણી સંસ્થા ભોજન પહોચાડે છે. તે સિવાયની ઘણી કુદરતી વિપદાઓ જેવી કે પૂર, ધરતીકંપ વગેરે પરિસ્થિતિમાં ઘણી સહાય પણ કરે છે. આ સંસ્થા સાથે જોડાય ને આપણે માનવી થઇ માનવીની સેવા કરી શકીએ એટલે જ કહી શકાય કે......

''સાથી હાથ બઢાના - સાથી હાથ બઢાના
એક અકેલા રહે જાયે તો મીલકર હાથ બઢાના''

કેહવાનો મતલબ એ છે કે આ સંસ્થા બધાને શિક્ષણ તેમજ જો કોઇ જીવનમાં તકલીફ હોય તો સદા મદદ કરવા તત્પર રહે છે. અબોલા પશુ-પક્ષીઓ માટે પણ ઘણી સેવાઓ કરે છે. આ સંસ્થા સાથે આપણી વ્યસ્ત જીવનમાં થોડો સમય આપી સેવા આપવી એ પણ એક લ્હાવો છે.

**સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના વિદ્યાર્થીઓના વાલીઓ કહે છે કે....**

**''સાથી હાથ બઢાના**
**સાથી હાથ બઢાના**
**એક અકેલા રહે જાયે તો**
**મીલકર હાથ બઢાના''**

સેવક
એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ

# દાન એજ સેવા

*માનનીય સેવક શ્રી*

*આપણા માટે આ પત્ર સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી મોકલીએ છીએ.*

*સેવક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત તથા બારડોલીમાં છેલ્લા ૫ વર્ષથી ગરીબ નિરાધાર અને વિધવા બહેનોના દરવર્ષે ૧૦,૦૦૦ થી પણ વધારે બાળકોને ફ્રી માં નોટબુક-પાઠ્ય પુસ્તક - સ્ટેશનરી વિતરણ કરી ભણતરમાં મદદરૂપ થાય છે.*

*આપને વિનંતી છે કે આપનું કાર્ય અને વેપાર ખૂબ સરસ ચાલે છે તો આપ બાળકોને સેવા રૂપે ભણતર માટેની કીટ યથા શક્તિ અર્પણ કરી સેવાના સ્વભાવી બનવા વિનંતી.*

*આ કીટની અંદાજીત કિંમત ૮૦૦ રૂા. થી ૧૦૦૦ રૂા. આજુબાજુ થાય છે, તો આપ 3,૫,૧૦,૨૦,૫૦... બાળકો ને યથા શક્તિ મુજબ દત્તક લઇ ભણતરમાં મદદરૂપ થવા વિનંતી.*

**OUR BANK DETAILS**

IDBI BANK

**SEVAK EDUCATION & CHERITEBAL TRUST**
**A/C. NO. 1337104000109277**
**IFSC: IBKL0001337**

સ્થળ : ત્રીજા માળે, નં-૨, જ્યોતિ સોસાયટી, પારસ પોલિસ ચોકીની બાજુમાં,
પૂજા હોસ્પીટલ સામે, કતારગામ મેઇન રોડ, સુરત.
મો.નં. ૭૦૯૬૫ ૪૩૨૧૦

**સેવક ટ્રસ્ટ દ્વારા લોકહિતના કામો થાય છે. જેમાં ગરીબ, અનાથ, વિધવા બહેનોના બાળકોને ભણતરમાં નોટબુક પાઠ્યપુસ્તક અને સ્ટેશનરીની કીટ ફ્રિ માં આપી ભણતરમાં મદદરૂપ થાય છે.**

**૫ વર્ષથી સુરત અને બારડોલીમાં ફ્રિ પુસ્તક વિતરણ કરતી સંસ્થા**
**દર વર્ષે ૬૦૦૦ થી પણ વધારે બાળકોને ફ્રિ પુસ્તક વિતરણ કરતી સંસ્થા.**

| બાળકો | દાન | બાળકો | દાન | બાળકો | દાન |
|---|---|---|---|---|---|
| ૫ | ૫૦૦૦/- | ૨૫ | ૨૫૦૦૦/- | ૧૦૦ | ૧૦૦૦૦૦/- |
| વિધવા બહેનો | દાન | વિધવા બહેનો | દાન | વિધવા બહેનો | દાન |
| ૧ | ૬૦૦૦/- | ૫ | ૩૦૦૦૦/- | ૨૫ | ૧૫૦૦૦૦/- |

**OUR BANK DETAILS**

IDBI BANK

SEVAK EDUCATION & CHERITEBAL TRUST

A/C. NO. 1337104000109277

IFSC: IBKL0001337



॥ श्रीनाथजी कृपा ॥

**સિધ્ધાંત®**

પીવાનો શુધ્ધ ચુનો

TRUSTED SIDDHANT GSP

**SINCE : 1998**




ISO 9001:2008 CERTIFIED COMPANY

fssai

Lic. No : 10016021001888

**જેને આ બધી તકલીફ હોય તેને દુધ, દહી, છાશ, મોસંબી, સંતરા, દ્રાક્ષ, કેળા, દાડમ તેમજ અન્યફળ અને ફળોના જયુસનો ખોરાકમાં વધારે ઉપયોગ કરવો જોઈએ.**

## ચુનો પીવાની રીતઃ-

- સવારે ઊઠીને તરત ખાલી પેટે, એક ગ્લાસ સામાન્ય ગરમ પાણીમાં શુધ્ધ સિધ્ધાંત ચુનાની બોટલ હલાવીને ૩ થી ૪ ટીપા નાખીને હલાવીને પીવાથી ૭૦ થી પણ વધારે શારિરીક રોગોમાં આશ્ચર્યજનક ફાયદા થાય છે. તેમજ ચુનાને બધી ઘરેલુ વાનગીઓ જેમકે, દહી, છાશ, કઢી, શાક-દાળ સાથે પણ લઈ શકાય છે.
- ૫ થી ૧૮ વર્ષના બાળકોએ ચુનો ફળોના રસમાં ૨ ટીપા નાખીને જ પીવો જોઈએ.
- ૪૦ વર્ષથી વધારે ઉંમરવાળા લોકોએ ચુનો સવારે અને સાંજે એમ બંને ટાઈમ પીવો જોઈએ.
- ચુનો ૪ ટીપાથી વધારે કયારેય પણ પીવો જોઈએ નહી.

## ખાસ નોંધ :-

- ચુનો પીધા પછી કે પહેલા એક કલાક સુધી ચા, કોફી દુધ અને કોઈપણ પ્રકારનું આલ્કોહોલીક ડ્રિંક્સ પીવું નહી.
- પથરીના દર્દીઓએ ચુનો રાત્રે છાશમાં નાખીને પીવો જોઈએ અને ડોકટરની સલાહ લઈને પીવો જોઈએ.
- હર કોઈ ચુનો ફુડગ્રેડ નથી હોતો. (દા.ત.:- હર કોઈ પીળી દેખાતી વસ્તુ સોનું જ નથી હોતી)
- ભારત દેશમાં સૌ પ્રથમ એક જ કંપની, " સિધ્ધાંત લાઈમ પ્રા.લિ." fssai ચુનાનું લાઈસન્સ ધરાવે છે.
- **આ કોઈ પણ પ્રકારની દવા નથી, ફક્ત શુધ્ધ ચુનો છે.**

GSP ©

# " સિધ્ધાંત લાઈમ પ્રા.લિ. "

પી.-૭૪, જુની જી.આઈ.ડી.સી., ડાઈમંડ ઈન્સ્ટીટયુટ પાસે, કતારગામ, સુરત.૩૯૫ ૦૦૪/વધુ માહિતી માટે સંપર્ક કરો. (મો) ૮૦૦૦૧ ૧૩૬૧૬ - ૯૮૨૫૧ ૧૩૬૧૬

siddhantlime@gmail.com | www.siddhantlimepvtltd.com | siddhantlimepvtltd






આ સંસ્થા આ વર્ષેથી વિધવા બહેનોને અનાજની કિટ તથા વૃધ્ધ દંપતી ને રોજનું ભોજનની તથા ગરીબ બાળકોને કપડાની જોડીની વ્યવસ્થા કરી રહ્યું છે, તો આપ આ સેવાકીય પ્રવૃત્તિમાં જોડાઇ સેવક બની યથાશક્તિ પ્રમાણે સહાય કરો ને સેવાના સહભાગી બનો જેની વિગત નીચે મુજબ છે.

સેવક
એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ

એક વિધવાબેનની અનાજની કિટ - ૪૦૦૦ રૂા.
એક વૃધ્ધ વ્યક્તિનું ૩૦ દિવસનું ભોજન - ૩૦૦૦ રૂા.
એક વૃધ્ધ વ્યક્તિનું ૧૫ દિવસનું ભોજન - ૧૫૦૦ રૂા.

**OUR BANK DETAILS**

SEVAK EDUCATION & CHERITEBAL TRUST
A/C. NO. 1337104000109277
IFSC: IBKL0001337

IDBI BANK

સ્થળ : ત્રીજા માળે, નં-૨, જ્યોતિ સોસાયટી, પારસ પોલિસ ચોકીની બાજુમાં, પૂજા હોસ્પીટલ સામે, કતારગામ મેઇન રોડ, સુરત.

WITH BEST COMPLIMENTS












# WITH BEST COMPLIMENTS












## WITH BEST COMPLIMENTS

આપની ચિંતાને દૂર કરવા અત્યાધુનિક સુવિધાથી સજજ સેઈફ ડિપોઝીટ વોલ્ટ હવે આપના વિસ્તારમા...

# શ્રી હરિકુંજ સેઈફ ડિપોઝીટ વોલ્ટ

- અત્યાધુનિક લેસર ટેકનોલોજી અને સેન્સર સિક્યુરિટી સિસ્ટમથી સજજ સ્ટ્રોંગરૂમ
- તમારા અથાગ પ્રયત્ન દ્વારા પ્રાપ્ત કરેલ મૂડીની સુરક્ષા
- માત્ર ૧૫ મિનિટમાં લોકરના માલિક બનો
- પ્રથમ ૩૫૧ ગ્રાહકોને આકર્ષક ફ્રી ગીફ્ટ
- તમારી મૂલ્યવાન સંપતિ, આભૂષણો તેમજ મહત્વના ડોક્યુમેન્ટ્સની સુરક્ષા

**વધુ માહીતી માટે રૂબરૂ મુલાકાત લેવા અવશ્ય પધારવા વિનંતી.**

સૌને અનુકૂળ સમય સવારે ૮:૦૦ થી સવારે
૮:૦૦ થી રાત્રે ૮:૦૦ સુધીનો રહેશે.(સોમ થી શનિ)

**દર રવિવારે વોલ્ટનો સમય સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધીનો રહેશે.**

૧૦૫/૧૦૬, હરિકુંજ સોસા., હીરામંદીરની સામે, ચીકુવાડી, વરાછા રોડ, સુરત-૬
હેલ્પલાઈન નં. ૦૨૬૧-૨૫૭૫૭૬૬, મો. ૯૮૨૫૧ ૫૯૬૮૫/૮૫૧૧૫ ૬૭૪૮૮

## WITH BEST COMPLIMENTS

QUALITY 100% NATURAL GUARANTEED

એસન્સ - પ્રિઝર્વેટિવ વગરનો નેચરલ કેરીનો રસ

કેસર, હાફુસ

અશોકભાઈ
મો. ૯૯૭૯૧ ૧૩૪૯૦
રાકેશભાઈ
મો. ૯૬૨૪૩ ૮૨૮૨૩

# SHIV™

## AGRO FOOD PRODUCTS

AN ISO : 22000 : 2005 Certified Company



# કેરીનો રસ (દુધ મિશ્રીત)

બારેમાસ શુભ પ્રસંગે ઓર્ડર લેવામાં આવશે.

**અમારી અન્ય પ્રોડકટસ્**







કેસર-હાફૂસ કેરીના ટુકડા | ફ્રોઝન લીલા વટાણા | ફ્રોઝન સીતાફળ પલ્પ

5, Praveg Apartment, Opp. Jalaram Temple, L.P. Savani Road, Adajan, Surat. Mo. 96243 82823

ફેક્ટરી : ૫૬, ઓલપાડજી.આઈ.ડી.સી.C.N.C પંપની સામે, ઓલપાડ.મો.૯૯૭૯૧ ૧૩૪૯૦

web.: www.shivfrozenfood.com | e-mail : enquiry@shivfrozenfood.com

**WITH BEST COMPLIMENTS**

કેતનભાઈ
મો. ૯૮૨૫૬ ૪૮૪૨૨

દુધ

છાશ

જયેશભાઈ
મો. ૯૯૧૩૦ ૭૨૭૦૧

## નિલકંઠ ડેરી પ્રોડક્ટ

પેશ્ચ્યુરાઈઝડ હોર્મોનાઈઝડ દુધ, છાશ, પનીર, બટર, મસાલા છાશ, તેમજ દરેક પ્રકારની મિઠાઈ બનાવનાર

ડિલરશીપ માટે કોન્ટેક કરો.

ઓફિસ : એ-૩, સાંઈમિલન રેસીડેન્સી, પ્લેટીનમ પ્લાઝાની સામે, સુદામા ચોક, મોટા વરાછા, સુરત.

## Maruti

એજ્યુકેશન ઓફ ડિઝાઈન



અમ્બ્રોઈડરી, જવેલરી કેડ, લેગીઝ, ડિઝાઈન શીખવા તેમજ બનાવવા માટે મળો.

મહિને ૨૦ થી ૫૦ હજાર રૂપિયા કમાવવાની તક

૧૧૪, રોયલ પ્લાઝા, અંખડ આનંદ કોલેજની સામે, વેડરોડ, સુરત-૪.







ડૉ. મીતલ ગોટી

ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ

ડૉ. વી.એન. કાકડીયા
M.B., D.C.H.(Ped.)

## ક્રિષ્ના બાળકોની હોસ્પીટલ

જન્મ થી ૧૮ વર્ષ બાળકોની સંપુર્ણ તપાસ, નિદાન માટે સારવાર સલાહ કેન્દ્ર

બીજો માળ, ગોપાલદર્શન કોમ્પલેક્ષ, પારસ પોલીસ ચોકી સામે,
કતારગામ મેઈન રોડ, સુરત-૪.
મો. ૦૨૬૧ ૨૫૩૭૧૦૦, મો. ૯૫૧૦૮ ૮૯૬૦૦.

સમય
સવારે ૯.૩૦ થી ૧.૦૦
સાંજે ૫.૩૦ થી ૮.૩૦

# WITH BEST COMPLIMENTS


## KISHORE BROTHER'S
Air conditioning forever

We Expert in central type air-conditioning system, VRF system,tower AC, cassette type AC&All leading brands Domestic split & window Authorise Dealer

1st Floor, Nilkanth Chambers, Katargam, Darwaja, Surat-395004
Mo.9375151600 / 9374751600, 0261 253 2253

## પ્રેમવતી ગોલ્ડ
"A Heart Touching Jewellery"

સુવર્ણ બચત યોજના
શુભ પ્રસંગો માટે સરળ હપ્તેથી જ્વેલરી ખરીદવા માટે અવશ્ય મુલાકાત લો.

અમારી સાથે કાયમી જોડાઓ અને મેળવો
દર વર્ષે રૂા. ૧,૦૦,૦૦૦/-* સુધીની જવેલરી ફ્રી

વગર મજુરીએ જુના દાગીનાને નવી ડીઝાઈનની ફેશનની જ્વેલરી બનાવો.

હાજર સ્ટોકમાં રીયલ ડાયમંડ જ્વેલરીનું વેચાણ

Best Rate Challenge in Diamond Jewellery

૨, પુરૂષોત્તમ પાર્ક સોસાયટી, કાંતારેશ્વર મહાદેવ મંદિર પાછળ, SMC શાક માર્કેટ સામે, લલીતા ચોકડી, કતારગામ, સુરત-૪.



Ramesh Bramhankar
Mo. 99134 18240

Prakash Sonawane
Mo. 90992 16311

## Jay Chashmaghar

કોમ્પ્યુટર દ્વારા આખંના નંબર ની તપાસ
ફ્રી..ફ્રી..ફ્રી..

ફેન્સી ગોગલ્સ તથા નંબરવાળા ચશ્મા
ખાત્રી પુર્વક બનાવી આપીશું

Shop No.9, Shivalik Residency, Lalita Chokdi,
Katargam, Surat. 395004



## પરફેક્ટ સ્માઈલ
દાંતનું દવાખાનું

ડૉ મયંક યુ. પટેલ (B.D.S., M.D.S.)
Consultant Endodontist

:: સમય ::
સવારે ૯:૦૦ થી ૧:૦૦ / સાંજે ૫:૦૦ થી ૯:૦૦
રવિવારે અપોઈમેન્ટથી

### અતી આધુનીક સાધનો દ્વારા ઉપલબ્ધ સારવાર


- Computerised X-Ray — કોમ્યુટર દ્વારા દાંતનો X-Ray
- Root Canal Treatment(RTC) — (સીંગલ સીટીંગ) મૂળિયાની સારવાર
- Re-Root Canal — ફરીથી મૂળિયાની સારવાર
- Fracture Teeth — તુટી ગયેલા દાંતની સારવાર
- Restoration (Silver/Composite) — દાંતમાં ચાંદી/દાંત જેવા કલરનું મટીરીયલ પુરાવવુ
- Tooth Jewllery — દાંતમા ડાયમંડ ફીટ કરાવવો
- Surgical Procedure — સર્જીકલ વર્ક
- Cyst Removal-Apicectomy — જડબામાં થતી રસોળીની સારવાર
- Laminate Veeneer — લેમીનેટ વીનીયર
- Bleaching — દાંત સફેદ કરાવવા
- Open Apex — દાંતના ખુલ્લા મુળિયાની સારવાર

વરાછા-કતારગામ-અમરોલીમાં એક માત્ર
દાંતના મુળિયા/નસની સારવાર (RTC, Re-RTC)
સ્માઈલ ડીઝાઈનીંગના નિષ્ણાંત (સ્પેશ્યલીસ્ટ)

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી છે.
: Contact :
88239 59526
88661 86883

ક્રિષ્ના કોમ્પલેક્ષ, લક્ષ્મી હોટલની બાજુમાં, જે.કે. પેટ્રોલ પંપની સામે, જસ્ટ-ઈન ટાઈમ શો રૂમની ઉપર, હિરાબાગ-બરોડા પ્રિસ્ટેજ રોડ, વરાછા મેઈન રોડ, સુરત.

# સેવક એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટનું સ્વાસ્થ્ય અભિયાન




કેંગેન વોટર શરીરના  ઉપયોગ માટે જરુરી અને મહત્વનું  છે. અને તે શરીરને સંતુલન કરવામાં મદદરૂપ હોવાથી શરીર આપ મેળે સ્વસ્થ થાય છે.

## What is Kangen Water ?

## કૈંગેન વોટર શું છે ?

ઉચ્ચકક્ષાના ફિલ્ટર થકી પાણીમાં રહેલા હાનિકારક પ્રદૂષક, કલોરિન અને અન્ય ઝેરી તત્વોને ગાળીને વિદ્યુત-વિભાજન પ્રક્રિયા (Electrolysis Process) દ્વારા આયોનાઇઝ્ડ કરી એન્ટિઓકિસડન્ટ, આલ્કલાઇઝ્ડ અને માઇક્રોકલસ્ટર્ડના ગુણોથી યુકત પાણી એટલે

**કૈંગેન વોટર**

હાઇડ્રોજન ($H_2$) વોટર

" KANGEN "

means " Back to Origin"

જાપાનીઝ શબ્દ કેંગેન એટલે

" મૂળ તરફ વળવું "

THE GOLD STANDARD

ISO 9001


ISO 14001

ISO 13485



## શું પાણી જીવન બદલી શકે ?

હા,પાણી બદલી શકે છે જીવન !




## High Quality ionized Water

આ ફ્રી ઇલેક્ટ્રોન્સ જ જવાબ છે તમારા પ્રશ્નનો..

કેંગેન વોટર એ કોઇ દવા નથી પરંતુ, તેના સ્વાસ્થ્ય સંબધિત ફાયદા

વૈજ્ઞાનિક રીતે પુરવાર થયેલા છે.

જેથી જાપાનમાં કેંગેન વોટરનો ઉપયોગ વર્ષોથી

હોસ્પિટલ્સ અને દવાખાનામાં  દર્દીઓની સારવાર માટે થાય છે.

તમારા ઘર, ઓફિસ, કારખાના, સોસાયટી, રો હાઉસમાં અમારી ટીમ આવીને વિસ્તાર પુર્વક માહિતી અને પાણીના ફ્રી ડેમોન્સ્ટ્રેશન આપશે. સાથે બિમારીઓને પાણીથી કેવી રીતે મટાડી શકાય તેનું માર્ગદર્શન આપશે.

**ફ્રી ડેમોન્સ્ટ્રેશન માટે આપનું નામ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.**

**74348 81800, 91736 41000**

સેવક
એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ

# સેવાકીય પ્રવૃત્તિઓ

સેવક
એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

Mo. 96871 58606

"આપનો વિશ્વાસ, તમારા બાળકોનું સેવક શૈક્ષણિક ભવિષ્ય બદલશે"

## સેવક એજ્યુકેશન

(ગુજરાતી/અંગ્રેજી માધ્યમ)

ધોરણ ૧ થી ૧૨ સાયન્સ/કોમર્સ

૨૨-૨૩, શ્રીજી નગર-૧, બીજા માળે, સ્વામિનારાયણ મહિલા મંદિર રોડ, ડભોલી ચાર રસ્તા, વેડરોડ, સુરત.

---

Activity Center
Nursery (નર્સરી)
Jr. KG. (જુ.કેજી.)
Sr. KG. (સી.કેજી.)

સેવક એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ

## બચ્ચા
ઈન્ટરનેશનલ પ્રિ-સ્કુલ

Mo. 9904 97 9904

CBSE Board GSEB Board

ડભોલી ચાર રસ્તા

પ્લોટ નં. ૩/૪, બીજા માળે, નવજીવન સોસા. ની બાજુમાં, માતૃભુમી સ્કુલની બાજુમાં, ડભોલી ચાર રસ્તા, વેડ રોડ, સુરત.

ગુજરાતી માધ્યમ

English Medium

---

॥ શ્રી સ્વામિનારાયણ ॥

મો. ૯૦૮૧૪ ૫૭૭૨૪

'દરેક રોગનો એક જ ઈલાજ યોગ'

## દિવ્ય યોગ સેન્ટર

વજન ઘટાડો ૧૦૦% ગેરેંટી

રોગ ભગાડો ૧૦૦% ગેરેંટી

પ્લોટ નં. ૩/૪, બીજા માળે, નવજીવન સોસા. ની બાજુમાં, માતૃભુમી સ્કુલની બાજુમાં, ડભોલી ચાર રસ્તા, વેડ રોડ, સુરત.

---

Free Home Delivery

ઘર જેવો શુધ્ધ અને પોષણયુકત આહાર

એક ટીફિન ફકત ₹ 70

## સેવક ટીફિન સર્વિસ

એક વાર ટીફિન અવશ્ય ટેસ્ટ કરો આંગળા ચાટતા રહી જશો.

સ્થળ : ત્રીજા માળે, નં-૨, જ્યોતિ સોસાયટી, પારસ પોલિસ ચોકીની બાજુમાં, પૂજા હોસ્પીટલની સામે, કતારગામ મેઈન રોડ, સુરત. મો. ૯૬૮૭૨ ૮૫૧૪૨

---

- દવા વગર
- કસરત વગર
- ભુખ્યા રહીયા વગર

ફકત ₹ ૪૯૯/-

મહીનામાં ૪ થી ૮ કીલો

## વજન ઘટાડો

એપોઈમેન્ટ લેવી જરૂરી છે સમય : સવારે ૯ થી ૧૨ Mo. ૯૦૬૭૦ ૧૨૦૬૮

સ્થળ : ત્રીજા માળે, નં-૨, જ્યોતિ સોસાયટી, પારસ પોલિસ ચોકીની બાજુમાં, પૂજા હોસ્પીટલની સામે, કતારગામ મેઈન રોડ, સુરત.

---

VAIRAG N. CHAKLASIYA
Mo. 95376 90965
VIJAY J. GHELANI

vairag.chaklasiya12@gmail.com

## Sevak
G R A P H I C S

Bord benner | Wedding Card
Logo Design | Invitating Card
CMYK print | Visiting Card

સ્થળ : ત્રીજા માળે, નં-૨, જ્યોતિ સોસાયટી, પારસ પોલિસ ચોકીની બાજુમાં, પૂજા હોસ્પીટલની સામે, કતારગામ મેઈન રોડ, સુરત.

# દાન એજ સેવા



વિજય જે.ઘેલાણી



રીંકલબેન વિ.ઘેલાણી



દિપ્તીબેન એસ.સાકરીયા






Paytm

SEVAK EDUCATION AND CHARITABLE TRUST

To Donate
Scan QR Code in Paytm App

સેવક એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ

**OUR BANK DETAILS**

IDBI BANK

SEVAK EDUCATION & CHERITEBAL TRUST
A/C. NO. 1337104000109277
IFSC: IBKL0001337

સેવક
એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ

3rd floor,no.2,jyoti Soc.,Nr.Paras Police Chowki,Opp.Puja Hospital
Ktargam Main Road,SURAT. Contact : 70965 43210
Web : www.sevakect.org E - mail : sevakect@gmail.com

Follow us on....